## મેડીકલ ઓફિસર તથા મેડિકલ સ્પેશીયાલીસ્ટની ૧૧ માસના કરાર આધારીત ભરતી કરવા બાબત

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલીત વાડીલાલ સારાભાઈ જનરલ હોસ્પિટલ/સરદાર પટેલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રીસર્ચ/ શારદાબેન ચીમનલાલ લાલભાઈ જનરલ હોસ્પિટલ / લલ્લુભાઈ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ખાતે મેડીકલ ઓફિસર તથા મેડિકલ સ્પેશીયાલીસ્ટશ્રીઓની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારે ભરવા તથા તેની પ્રતીક્ષાયાદી બનાવવા માટે વોક ઈન ઈન્ટરવ્યુ ગોઠવવાના થાય છે.

ઉપરોકત મેડીકલ ઓફિસર તથા મેડીકલ સ્પેશીયાલીસ્ટ સારૂ જે તે અરજદારે શૈક્ષણીક લાયકાત, અનુભવના પ્રમાણપત્રો તથા પ્રમાણપત્રોની પ્રમાણીત નકલો સાથે તેમના નામ, સરનામુ ,ઉમર, શૈક્ષણીક લાયકાત તથા અનુભવની વિગત નીયત ફોર્મેટમા સ્વ અક્ષરે ભરી અરજીપત્ર સાથે ઈન્ટરવ્યુમાં હાજર રહેવાનુ રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | લાયકાત | ઉચ્ચક માસિક વેતન |
|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફિસર | એમ.બી.બી.એસ., મેડિકલ કાઉન્સીલ રજીસ્ટ્રેશન | રૂા. ૬૫,૦૦૦/- |
| ૨ | ફીઝીશીયન | એમ.ડી. (મેડિસીન), મેડિકલ કાઉન્સીલ રજીસ્ટ્રેશન | રૂા. ૧,૧૦,૦૦૦/- |
| ૩ | એનેસ્થેટીક | એમ.ડી.(એનેસ્થેસિયા),મેડિકલ કાઉન્સીલ રજીસ્ટ્રેશન | રૂા. ૧,૧૦,૦૦૦/- |
| ૪ | રેડીયોલાજીસ્ટ | એમ.ડી.(રેડિયોલોજી),મેડિકલ કાઉન્સીલ રજીસ્ટ્રેશન | રૂા. ૧,૧૦,૦૦૦/- |
| ૫ | સર્જન | એમ.એસ. (સર્જરી), મેડિકલ કાઉન્સીલ રજીસ્ટ્રેશન | રૂા. ૧,૧૦,૦૦૦/- |
| ૬ | પીડીયાટીશિયન | એમ.ડી.(પીડીયાટીશિયન),મેડિકલ કાઉન્સીલ રજીસ્ટ્રેશન | રૂા. ૧,૧૦,૦૦૦/- |

**શરતો**

- અનુક્રમ નંબર ૨ થી ૬ ના કન્સલટન્ટશ્રીઓએ ઓ.પી.ડી સમયમાં સવારે ૯:૦૦ થી ૫:૦૦ સુધી ફરજ બજાવવાની રહેશે. પરંતુ એનેસ્થેસીયા વિભાગ તથા અન્ય વિભાગના ઓપરેટીવ પ્રોસીઝર સાથે સંકળાયેલા કન્સલટન્ટશ્રીઓએ સર્જરીના દિવસો દરમ્યાન જે તે હોસ્પિટલનાં સુપ્રિટેન્ડન્ટશ્રીની સુચના અનુસાર ફરજ બજાવવાની રહેશે. આ બાબતે તેમજ સુપ્રિટેન્ડન્ટશ્રી જે સમય સુચવે તે સમય આખરી નિર્ણય ગણવાનો રહેશે. તેમજ ઈમરજન્સી / આકસ્મીક સંજોગોમા ફરજ ઉપર હાજર થવાનુ રહેશે.
- પસંદગી પામેલ ઉમેદવારને સક્ષમ સત્તાની મંજુરી મુજબ વી.એસ., એસ.વી.પી, એલ.જી, શા.ચી.લા હોસ્પિટલમાં જે જગ્યા સુચવે તે જગ્યાએ ફરજ બજાવવાની રહેશે તેમજ વહીવટી સરળતા ખાતર મ્યુનિ. કમિશ્નરશ્રી / ડે.મ્યુનિ.કમિશ્નરશ્રી આ પૈકીની ચાર હોસ્પિટલમાં ટ્રાન્સફર કરી શકશે જે ઉમેદવારે મંજુર રાખવાની રહેશે.
- પસંદ થયેલ ઉમેદવારોએ હાજર થયા અગાઉ વી.એસ., એસ.વી.પી, એલ.જી, શા.ચી.લા હોસ્પિટલ સાથે કરાર કરવાનો રહેશે.
- અરજદારની ઉમર ૬૨ વર્ષ કરતાં ઓછી હોવી જોઈએ.

- ઉપરોક્ત જગ્યા માટે જે તે તબક્કે કોઈપણ પ્રકારનું રાજકીય કે સંસ્થાકીય દબાણ કરવામાં આવશે.તો તેઓની નિમણૂંક રદ કરવામાં આવશે.
- ઉમેદવારે ઈન્ટરવ્યું માટે લાયકાતના અને અનુભવના પ્રમાણપત્રની ચકાસણી કરાવવા સ્વ ખર્ચે હાજર રહેવાનું રહેશે.
- અરજદારે અરજી ફોર્મ સાથે લાયકાત તથા અનુભવના તમામ પ્રમાણપત્રનો પ્રમાણિત નકલ જોડવાની રહેશે. જો પુરતા ડોકયુમેન્ટ રજુ કરવામાં નહી આવે તો તે અરજી રદ કરવામાં આવશે. તે અંગે ઉમેદવારનું કોઈ હકદાવો રહેશે નહી.
- ઉમેદવારનો અનુભવ, અસલ અનુભવના પ્રમાણપત્રને આધારે ગણવામાં આવશે. તેઓના નિમણૂંક આધારે અનુભવ ગણાશે નહી.
- જે ઉમેદવારનાં માર્કસ ગ્રેડમાં હોય તેવા ઉમેદવારે જે તે યુનિવર્સીટીમાંથી ડીગ્રી મેળવી હોઈ તે યુનિવર્સીટીનું ગ્રેડને ટકાવારીમાં ફેરવવા અંગેનો પ્રમાણપત્ર રજુ કરવાનો રહેશે. જો ઉમેદવાર આ અંગેનું પ્રમાણપત્ર રજુ ના કરે તો તે ઉમેદવારના લઘુત્તમ માર્કસ ગણાશે.
- વી.એસ., એસ.વી.પી, એલ.જી, શા.ચી.લા હોસ્પિટલ દ્વારા વખતો વખત મળતી સુચના મુજબ પગાર ધોરણમાં સુધારા વધારા કરવામાં આવશે.
- પસંદગી પામેલ ઉમેદવાર નિમણુંક અધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણુંક મેળવવાને પાત્ર રહેશે.
- આ જગ્યાની ભરતી પ્રકીયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઈપણ કારણોસર તેમા ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાયતો તેમ કરવાનો ખાતાના ઉચ્ચ અધિકારીને સંપુર્ણ હક્ક રહેશે અને ઉચ્ચ અધિકારી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિ.
- ઉમેદવારની મેરીટ યાદી ઉમેદવારની આવેલ અરજીઓ ઉપરથી તૈયાર કરવામાં આવેલ હોવાથી જો તેમાં કોઈ પણ ક્ષતી અથવા ખોટુ કરેલ હોય તેવુ જણાશે તો તે ઉમેદવારને મેરીટ લીસ્ટમાં સમાવેશ કરવામાં આવશે નહિ.
- પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક ૧૧ માસ માટે રહેશે. કરાર પૂર્ણ થતા જો કર્મચારીની કામગીરી સંતોષકારક હશે તો ૧ દિવસનો બ્રેક આપી તેનો કરાર રીન્યુ કરવામાં આવશે.
- પસંદગી પામેલ ઉમેદવારે વી.એસ., એસ.વી.પી, એલ.જી, શા.ચી.લા હોસ્પિટલના વખતો વખત નક્કી થતા ધારા ધોરણો પ્રમાણે કામગીરી કરવાની રહેશે.

ઈન્ટરવ્યુની તારીખ : ૨૪/૧૨/૨૦૧૯
રજીસ્ટ્રેશનનો સમય: ૧૦:૦૦ થી ૧૧:૦૦
ઈન્ટરવ્યુનો સમય : ૧૧:૩૦ વાગ્યે
ઈન્ટરવ્યુનું સ્થળ : પ્રથમ માળ, આરોગ્ય ભવન, ગીતા મંદિર બસ સ્ટોપ પાસે, ગીતામંદિર રોડ, અમદાવાદ

ડેપ્યુટી મ્યુનિ.કમિશનર
(હેલ્થ / હોસ્પિટલ)
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન